# અરવલ્લીમાં કૃષ્ણ જન્મોત્સવની ભવ્ય ઉજવણી

મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લામાં આજે વાતાવરણ ભક્તિમય અને આહ્લાદક બની ગયું હતું.

સહિત વિવિધ શ્રીકૃષ્ણ જન્મોત્સવ મંડળો દ્વારા પંડાલો ઉભા કરીને

પ્રસિદ્ધ શામળાજીમાં જન્માષ્ટમીના દિવસે ભાવ અને તોરણથી સમગ્ર નગરને સજાવવામાં આવ્યું હતું. ભગવાન કાળીયા


(તસવીર : જય અમીન, મોડાસા)

મુખ્યત્વે સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી, રામપુરના કુઢેરેશ્વર મહાદેવ મંદિર અને ઠેર ઠેર દેવ મંદિરો તેમજ શહેરો, તાલુકાઓ અને ગામોમાં નિવાસસ્થાનોમાં પણ શ્રદ્ધાળુઓ દ્વારા ભારે ઉંમગભેર જન્માષ્ટની ભારે દબદબાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જીલ્લાભરમાં કાનુડાના જન્મ પહેલા ભજન કિર્તન તેમજ આખ્યાન યોજીને રાત્રીના બારના ટકોરે કૃષ્ણનો જન્મોત્સવ નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી...ના નાદથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. જન્માષ્ટમીના દિવસભર અને રાત્રીનું

જન્માષ્ટમી નિમિત્તે અરવલ્લી જિલ્લાના હરિભક્તો નંદ ઘેર

## જિલ્લાભરમાં 'નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કી' જયઘોષ ગુંજ્યા : 'જય રણછોડ માખણચોર નારાથી વાતાવરણ ભક્તિમય : ભાતીગળ લોકમેળા ભરાયા

આનંદભયો જય કનૈયાલાલકીના નાદે ઝુમી ઉઠ્યા હતા. અને મધ્યરાત્રીએ ૧૨ ટકોરે 'જય રણછોડ માખણચોર'ના જયઘોષથી જન્માષ્ટમીની મધ્યરાત્રીએ ભગવાન કનૈયાના જન્મોત્સવની મહોત્સવ ખુબજ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. જિલ્લાના કૃષ્ણમંદિરો તડામાર તૈયારીઓ કરવામાં આવી હતી.

આજે કૃષ્ણ જન્મોત્સવમાં દર વર્ષની જેમ ઠેર ઠેર લોકડાયરા, ભજનસંધ્યા, રાસ-ગરબા, વેશભુષા મટકીફોડ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રીકૃષ્ણ જન્મોત્સવ પ્રસંગે કૃષ્ણલીલાના પાત્રો સહિત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. કાળિયા ઠાકોરના મંદિરે મંગળા આરતીથી હજારોની સંખ્યામાં ભાવિભક્તો ઉમટી પડ્યા હતા. કાળીયા ઠાકોરનું મંદિર રોશનીથી જળહળી ઉઠ્યુ હતુ. કૃષ્ણ જન્મોત્સવના દિવસે શામળાજીના યુવાનો દ્વારા નગરમાં ૧૦૦થી વધુ મટકીઓ ફોડવામાં આવી હતી. શામળાજીને આસોપાલવના

ઠાકરની નગર શોભાયાત્રામાં ૨૦૦ કિલો અબીલ, ગુલાલની છોળો ઉડાડવામાં આવી હતી.

ભારત ભરમાંથી ભક્તોનુ ઘોડાપુર ઉમટ્યું હતું. કાળીયા ઠાકોરના દર્શન કરવા ભારે ધસારો જોવા મળ્યો હતો. ભક્તો ૧ કિમી. લાઈનમાં સંયમપૂર્વક ભગવાનના દર્શન કરવા ૩ કલાકથી વધુ સમય ખડેપગે ઉભા રહ્યા હતા. શામળાજીમાં રાત્રીના ૧૨ના ટકોરે સમગ્ર વાતાવરણ જય રણછોડ માખણ ચોરના નારાઓ સાથે શંખનાદ કરી ભગવાનના જન્મની વધામણી કરવામાં આવી હતી.

# પ્રાંતિજમાં જન્માષ્ટમી પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી કરાઈ


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તથા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં કૃષ્ણ જન્મને લઈ કૃષ્ણ મંદિરો સહિત શેરીઓ ગલીઓ અને મહોલ્લાઓમાં રાત્રીના ૧૨ના ટકોરે ઠેરઠેર મટકી ફોડ કાર્યક્રમો યોજાયા હતા.

પ્રાંતિજ તાલુકામાં જન્માષ્ટમીનો લઈ જય કનૈયાલાલકીની ધુન સાથે આખુંય વાતાવરણ ભક્તીમય બની ગયું હતું અને સવારથી જ વિવિધ મંદિરોમાં તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી હતી.

દિવસભર નંદ મહોત્સવ અલગ અલગ જગ્યાએ કાર્યક્રમો યોજાયા હતા અને ગરબા રાસ ગરબા, ભજન સહિત રાત્રીના બારના ટકોરે મટકી ફોડ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં કનૈયાની સેના દ્વારા જુદી જુદી જગ્યાએ મટકી ફોડવામાં આવી હતી. જેમાં તપોધન ફડીમાં શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર, ગુર્જરની પોળ, ખોડીયાળ કુવા, લાલદરવાજા, રામજી મંદિર, રાવલ વાસ સહિત વિવિધ યુવક મંડળીઓ દ્વારા મટકી ફોડ કાર્યક્રમો યોજાયા હતા અને ૧૨ વાગ્યાના ટકોરે મંદિરની અંદર બનાવેલ કુટીરોમાં કૃષ્ણનો જન્મ પછી ઘોડીયામાં ભગવાન કાનાને હિંચકે ઝુલાવવા માટે પણ ભક્તોની પડાપડી જોવા મળી હતી. આમ પ્રાંતિજ તથા તાલુકાના વિવિધ મંદિરોમાં ભારે ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી.

## ધામડી પાટીયા પાસે એક્ટીવાને જીપે ટક્કર મારતા બે યુવાનોના મોત

હિંમતનગર, તા.૬

વડાલી તાલુકાના ધામડી પાટીયા પાસે શનિવારે જન્માષ્ટમી હોવાથી હિંમતનગરના બે યુવાનો એકટીવા લઈ અંબાજી દર્શન કરવા માટે ગયા હતા. ત્યારબાદ પરત આવતા હતા ત્યારે જીપના ચાલકે તેમને ટક્કર મારતા ગંભીર ઈજાને કારણે બંને યુવાનોના મોત નિપજયા હતા તથા જીપમાં બેઠેલા અન્ય ત્રણ મુસાફરોને ઈજા થતાં સારવાર માટે વડાલી સિવિલમાં દાખલ કરાયા હતા. અકસ્માતની ઘટના અંગે વડાલી પોલીસે જીપ ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગરના ધાણધા વિસ્તારમાં રહેતા સુરેશભાઈ ચંદુભાઈ ખારવા (ઉ.વ.૨૦) તથા દિલીપભાઈ ગજેન્દ્રભાઈ ખારવા (ઉ.વ.૨૫) શનિવારે જન્માષ્ટમી હોવાથી એકટીવા નં.જીજે.૯.સીએચ.૩૪૮૩ લઈ અંબાજી દર્શન કરવા માટે ગયા હતા. ત્યારબાદ તેઓ પરત આવતા હતા ત્યારે ધામડી પાટીયા પાસેથી પસાર થતી જીપ નં.જીજે.૯.બીસી.૮૩૪૦ ના ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ એકટીવાને ટક્કર મારતા બંને યુવાનો રોડ પર પટકાયા હતા. જેથી ગંભીર ઈજાને કારણે સુરેશભાઈ ખારવાનું ઘટના સ્થળે મોત નિપજયુ હતું તેમજ દિલીપભાઈને સારવાર માટે ૧૦૮ દ્વારા વડાલી સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લવાયા હતા. જયાંથી વધુ સારવાર માટે હિંમતનગર લવાયા બાદ સારવાર દરમિયાન તેનું મોત નિપજયુ હતું. અકસ્માતને કારણે જીપમાં બેઠેલા ત્રણ મુસાફરોને ઈજા થતાં તેમને વડાલી સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર અપાઈ હતી. અકસ્માતની ઘટના અંગે મહેશભાઈ લાલુભાઈ ખારવાએ શનિવારે મોડી રાત્રે જીપ ચાલક વિરૂધ્ધ વડાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ફરાર થઈ ગયેલા જીપ ચાલકની શોધખોળ હાથ ધરી હતી.

## જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમાંકનો વૃક્ષારોપણ એવોર્ડ મેળવતી બનાસ ડેરી



પાલનપુર, તા. ૪

બનાસ ડેરી દ્વારા બનાસકાંઠાની ધરતીને નવપલ્લવિત કરી નંદનવન સમી બનાવવા માટે ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશન અને સરકારશ્રીના વનવિભાગના સહયોગથી છેલ્લા આઠ વર્ષથી ચેરમેનશ્રી પરથીભાઈ ભટોળના માર્ગદર્શન હેઠળ સામુહિક વૃક્ષારોપણ કાર્યક્રમ તમામ દૂધ મંડળીઓ ખાતે યોજવામાં આવે છે. જેનાથી જીલ્લાના પર્યાવરણ સંરક્ષણના કાર્યને વેગ મળ્યો છે. બનાસકાંઠા જિલ્લામાં બનાસ ડેરી દ્વારા થતી વૃક્ષારોપણ, વૃક્ષજતન અને પર્યાવરણ જાળવણીની પ્રસંશનીય કામગીરી બદલ જિલ્લા કક્ષાનો પ્રથમ ક્રમાંકનો વૃક્ષારોપણ એવોર્ડ બનાસકાંઠા વનવિભાગ દ્વારા દિયોદર તાલુકાના કોતરવાડા મુકામે તા. ૦૩/૦૯/૨૦૧૫ ના રોજ યોજાયેલ ૬૬ મા જિલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણી દરમિયાન ગુજરાત સરકારના માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા તથા બનાસકાંઠા જિલ્લા પ્રભારી મંત્રીશ્રી રમણલાલ વોરાના વરદ હસ્તે બનાસ ડેરીને એનાયત કરવામાં આવ્યો હતો.

## સાબરકાંઠા જિલ્લા રોહિત સમાજ વિકાસમંડળના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૪

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા રોહિત સમાજ વિકાસમંડળની સામાન્ય બેઠક તાજેતરમાં યોજાઈ હતી. જેમાં વર્ષ-૨૦૧૫ના વર્ષના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. બેઠકમાં વર્ષ-૨૦૧૫ના હોદ્દેદારોમાં પ્રમુખપદે અમૃતભાઈ પરમાર, ઉપપ્રમુખ પદે કલ્પેશભાઈ પરમાર, શંકરભાઈ પરમાર, મંત્રીપદે મનુભાઈ રાઠોડ, સહમંત્રી પદે કિરણભાઈ પરમાર અને શિલ્પા પરમાર, ખજાનચી પદે દિનેશભાઈ રાઠોડ, આંતરિક ઓડિટર પદે જ્યોતિન્દ્ર કૃષ્ણ, કારોબારી સભ્ય તરીકે ચંદ્રિકાબેન પરમાર, વિષ્ણુભાઈ રાઠોડ અને અનિલભાઈ ચૌહાણની વરણી કરવામાં આવી હતી.

## માણસાના પડુસ્મા ગામના ત્રણ યુવાનોના સાબરમતીમાં ડુબી જતા મોત

હિંમતનગર, તા.૬

સાબરકાંઠા જીલ્લાના હિમતનગર તાલુકાના કડોલી ગામના કટ્ટી મંદિર પાસે સાબરમતી નદીમાં શનિવારે બપોરે નાહવા પડેલા ત્રણ યુવાનો ડૂબી જતા મોટા નીપજયું હતું આ અંગે હિમતનગર ગ્રામ્ય પોલીસે ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગેની વિગત આપતા હિમતનગર ગ્રામ્ય પોલીસ મથકના પીએસઆઈ કિરીટસિંહ બિહોલાએ જણાવેલ કે ગાંધીનગર જીલ્લાના માણસા તાલુકાના પડુસમા ગામના પાચ યુવાનો શનિવારે જન્માષ્ટમીના રોજ બપોરે કડોલી ગામની સીમમાં આવેલ કટ્ટી મહાદેવ મંદિર સામે સાબરમતી નદીમાં પાંચેય યુવાનો નાહવા પડ્યા હતા.જેમાં એક ડૂબતા યુવાનને બચાવવા બીજો ગયો હતો અને ત્યાર બાદ ત્રીજો ડૂબ્યો હતો જયારે બે યુવાનો સમય સુચકતા થી બહાર નીકળી ગયા હતા અને ૧૦૮ ને જાણ કરતા ૧૦૮,પોલીસ અને હિમતનગર પાલિકા ફાયર બ્રિગેડ,ઘટના સ્થળે પહોચી ગયેલ અની ત્રણ કલાકની જહેમત બાદ શનિવારે મોડી સાંજે બે યુવાનોનો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા જયારે ત્રીજા યુવાનની શોધખોળ કરી હતી પરંતુ રાત્રી સુધી કઈ પત્તો લાગ્યો ન હતો જેથી અમદાવાદ થી ઓક્સીજન સીલીન્ડર સાથે ની ફાયર બ્રિગેડ બોલાવી હતી તે ફાયર બ્રિગેડે રાત્રી ના ૧૨ વાગે ત્રીજી લાશ શોધી હતી.હિમતનગર સિવિલમાંથી આ ત્રણેય યુવાનોના મૃતદેહોને રવિવારે સવારે પોસ્ટમોર્ટમ કરી પરિવારજનોને સોપવામાં આવ્યા હતા.

## રતનપુર ચેકપોસ્ટ પાસેથી ૯૦ હજારનો દારૂ ઝડપાયો



(તસવીર : જય અમીન, મોડાસા)

શામળાજી, તા. ૬

અરવલ્લીના શામળાજીની રતનપુર ચેકપોસ્ટ પર બાતમીના આધારે વૉચ ગોઠવવામાં આવતા ૯૦ હજારની કિંમતનો વિદેશી દારૂનો જથ્થા સાથે ૨ આરોપીઓ ઝડપાઈ ગયા છે. શામળાજી પોલીસ વિદેશી દારૂ સહિત ૬ લાખનો મુદ્દામાલ ઝડપી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

શામળાજી પી.એસ.આઈ. આર.ટી. ઉદાવતના જણાવ્યા મુજબ રતનપુર ચેકપોસ્ટ નજીક બાતમીના આધારે વોચ ગોઠવવામાં આવી હતી. ત્યારે હ્યુન્ડાઈ એસેન્ટ કારને રોકવાનો પ્રયાસ કરતાં ગાડીનો ચાલક ગાડી મુકી ભાગી જવાની કોશિષ કરતાં પોલીસે પીછો કરી આબાદ ઝડપી લીધો હતો. શામળાજી પોલીસે ગાડીમાં રહેલ વિદેશી દારૂ તથા બિયરનો ૧૮૦ બોટલ જથ્થો ઝડપી પાડ્યો હતો. જેની કિંમત ૯૦ હજાર થાય છે. જ્યારે ગાડી સહિતના મુદ્દામાલની કિંમત ૫,૯૦,૫૮૦ થવા જાય છે. શામળાજી પી.એસ.આઈ. આર.ટી. ઉદાવતે માતાબદલ મિસાદની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. આ જથ્થો રાજસ્થાનના નામચીન બુટલેગર ભરત ભટીનો આવ્યો હોવાનું પુછપરછમાં જણાવાયું છે. શામળાજી પોલીસે પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. શામળાજી પી.એસ.આઈ. તરીકે આર.ટી. ઉદાવત આવ્યા બાદ બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે.

### લાંબી રજા પર

● અનુસંધાન ત્રીજાનું ચાલુ

પાટનગર ગાંધીનગર ફાઈલો અને કચેરી નગરી તરીકે ઓળખાય છે. જ્યાં રાજ્યની તમામ વડી કચેરીઓ તેમજ સચિવાલય અને વિધાનસભા સહિતની કચેરીઓ આવેલી છે અને આ કચેરીમાં ફરજ બજાવતા અસંખ્ય કર્મચારીઓ રજા પર ઉતરી જતા કચેરીમાં થતી કામગીરી ખોરવાઈ ગઈ છે. આથી અનેક પ્રોજેક્ટ અને કામકાજમાં વિલંબ થઈ રહ્યો છે. સચિવાલયના અસંખ્ય નાયબ સેકશન અધિકારી અને જિલ્લાઓમાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા તેમજ અન્ય જિલ્લાકક્ષાની કચેરીમાં ક્લાર્ક તરીકે ફરજ બજાવતા મોટા ભાગના કર્મચારીઓનો સમાવેશ થાય છે.

વર્ગ-૩ની જગ્યાઓ પર કામ કરતા અસંખ્ય કર્મચારી તાજેતરમાં જ નોકરીમાં જોડાયા છે અને આ તમામ કર્મચારીઓ હજુ પણ ફિક્સ વેતમાં કામ કરી રહ્યા છે. આથી કેટલાક કર્મચારીઓ કપાત પગાર પર રજા લઈ લીધી છે. તો કેટલાક કર્મચારીઓએ વર્તમાન નોકરી છોડવાનો મક્કમ નિર્ણય લઈ નોકરી પણ છોડી દીધી છે. બીજી બાજુ હજુ પણ કેટલાક કર્મચારીઓ રજા ન મળતા દુવિધામાં મુકાયા છે.

### ઉત્સાહપૂર્વક ઉજવણી

● અનુસંધાન ત્રીજાનું ચાલુ

ભકત પપ્રહલાદ બચી જાય છે.પ્રહલાદને મારવા માટે જાય છે ત્યારે સ્તંભને ગદા લાગતા તેમાથી ભગવાન નૃસિંહનું રુપ લઈને નીકળે છે.રાત નહિ દિવસ નહિ સંધ્યા કાળે નખથી મારી ને વધ કરે છે.પરશુરામ અવતારમાં રુષીમુની તપ કરતા હોય છે. ત્યારે સહસ્ત્ર અર્જુન રાજા ત્યાં આવે છે. અને કામધેનું ગાય માંગે છે.ત્યારે રુષી નઆપતાં તે જબરદસ્તી કરીને કામધેનુંને લઈ જાય છે.રુષીમુનીનો દિકરો પરશુરામ આવે છે.અને સહસ્ત્ર અર્જુનના સેન્યને મારીને કામધેનું પાછી લાવે છે.પૃથવી પર ૨૧ વખત ન ક્ષત્રીય મારે છે.પોતાના પુણ્યથી પોતાની પિતાજીને જીવીત કરે છે.અને પૃથવી બાહ્મમોને દાન આપે છે. કૃષ્ણ અવતારમાં મથુરામાં કંસ રાજાનો ત્રાસ વધી ગયો હતો. પોતાના બહેન બનેવી જેલમાં પુરી દીધા હતા.ત્યારે દવકીના આઠમાં સંતાન તરીકે કૃષ્ણ ભગવાનને જન્મ ધારણ કરી કંસને સંહાર્યો હતો.બાળકોએ અદભુત કૃષ્ણ ભગવાનની લીલા દર્શાવી હતી. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ૧૦ અવતાર સુંદર રીતે નાટિકા અને નૃત્ય દ્રારા પ્રસ્તુત કર્યા હતા.વિજેતા તરીકે સ્વામી નારાયણ ગુરુકુળને ઘોષીત કરી હતી. નિર્ણાયક તરીકે લાલાકાકા,ભીખુભાઈ કવિ,કનૈયાલાલ ભટ્ટે ફરજ અદા કરી હતી. આ પ્રસંગે મેનેજીંગ ટ્રસ્ટી શાસ્ત્રી હરિપ્રકાશ સ્વામીજી, તથા પુરાણી સ્વામી હરિવલ્લભ સ્વામીજી, ટ્રસ્ટી રામ કૃષ્ણ સ્વામીજી,તેમજ અક્ષરપ્રકાશ સ્વામી,ધર્મનંદન સ્વામીજી,માધવ પ્રકાશ સ્વામીજી,સહિત શહેરના મેયર હંસાબેન મોદી,ડે.મેયર કાર્તિકભાઈ પટેલ,સંજય જોષી (ડે.કલેકટર),ઈન્ડેક્ષ બીના મેહુલ મહેતા,સુરેશ મહેતા,પ્રવિણભાઈ પટેલ કોરપોરેટર સહિત મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

### પવિત્ર બનાવે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પગારમાં નિમણુંક આપવામાં આવી રહી છે.

શ્રીમતિ પટેલે જણાવ્યું હતું કે સમાજમાં સામાજિક સમરસતા લાવવા શિક્ષણનું મહત્વ વિશેષ છે ત્યારે શિક્ષકોનું કર્તવ્ય કઠીન પણ છે. સરકારના અભિગમને સાકાર કરવાની સાથે સાથે બાળકને જ્ઞાન સમૃદ્ધિ આપી આપણે ગતીશીલ ગુજરાતનું સ્વપ્ર સાકાર કરવાનુ છે. આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી શ્રી બારડે સ્વાગત પ્રવચન કર્યુ હતુ જ્યારે આભાર વિધિ પ્રા. શાસનાધિકારી શ્રી નટવરસિંહ રાઠોડે કરી હતી.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, સામાજિક શ્રેષ્ઠીઓ તેમજ શિક્ષકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

### કાયદો અને..કાનૂન (ચોથા પાનાનું ચાલુ...)

ની જોગવાઈ મુજબ વડિલોપાર્જીત મિલ્કતના વારસદારોમાં માત્ર સીધી લીટીના વારસદારોનો જ સમાવેશ કરવામાં આવ્યો છે. આર્ટીકલ ૪૯(ક)ની જોગવાઈ ધ્યાને લેતા તેમાં મૃત્યુપામેલ પુત્રીના પુત્રને કાયદેસરના વારસદારમાં સમાવેશ કરી શકાય નહિ આથી આવા કેસમાં આર્ટીકલ ૪૯(બ) મુજબ જ સ્ટેમ્પ ડ્યૂટી ભરવાની રહેશે.

ઉપરોકત પરિપત્રની જોગવાઈ જોતા સ્પષ્ટ થાય છે કે ગુજરાત સ્ટેમ્પ સુધારા અધિનિયમ ૨૦૧૩ ની આર્ટીકલ ૪૯ ની જોગવાઈ ફકત વડિલોપાર્જીત મિલ્કત માટે કરવામાં આવી છે તેમજ અન્ય રીતે થતા વારસદારોને કલમ ૪૯(બ) મુજબ લેવા પાત્ર સ્ટેમ્પ ડ્યૂટી ભરવાની રહે છે.

આર્ટીકલ ૪૯(ક) મુજબ વડિલોપાર્જીત મિલ્કતમાં માત્ર સીધીલીટીમાં સમાવેશ વારસદારોનો જ સમાવેશ કરેલ છે આડી લીટીના વારસદારોએ બજાર ભાવની મિલ્કતની જંત્રી મુજબ સ્ટેમ્પ ડ્યૂટી ભરી હક્ક કમી તથા નામ ઉમેરી શકશે કલમ ૨૪ મુજબના ફારગતી લેખ ના હોય તેવા કરારો કાયદેસરના વારસદારો માત્ર ૧૦૦ ના સ્ટેમ્પ ઉપર જ હક્ક કમી કરાવી શકશે.


મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
અમી
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અમી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR. FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ